સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

આદ્યસ્થાપક : ગુરુદેવ પ.પૂ.બાપજી | પ્રેરક : ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી

# મહિમા વર્ષ

૨૦૨૧-૨૨

ઉપક્રમે

મે માસ

# ગુણગ્રાહક માસ

## Family Time સભા - 3

## કાર્યક્રમ મટીરીયલ

# મહિમા વર્ષ

ઉપક્રમે

# ગુણગ્રાહક માસ

આ માસમાં અમલમાં મૂકવાના PLના મુદ્દા

(1) દરરોજ ઠાકોરજી જમાડતી વખતે સંતો-હરિભક્તોના ગુણાનુવાદ કરવા (તેમાંય જેમની સાથે વિશેષ રહેવાનું થતું હોય, જેમના વિશેષ અભાવ-અવગુણ આવતા હોય તેમના ગુણાનુવાદ કરવા.)

(2) અભાવ-અવગુણ અને અમહિમાની વાત ન કરવી, ન સાંભળવી, ન વિચારવી કે અભાવ-અવગુણની વાતોમાં ભેગા પણ ભળવું નહિ.

# ❖ ગુણગ્રાહક દ્રષ્ટિ એટલે...

- ગુણગ્રાહક દ્રષ્ટિ એટલે ગુણોના ગ્રાહક થવું.
- ગુણગ્રાહક દ્રષ્ટિ એટલે ભર્યા થવાનો એકમાત્ર ઉપાય.
- ગુણગ્રાહક દ્રષ્ટિ એટલે પ્રભુમાં પ્રીતિ થવાનું સૌથી મોટું કારણ.
- ગુણગ્રાહક દ્રષ્ટિ એટલે સમૂહજીવનમાં રહેવા છતાં સુખિયા રહેવાનો એકમાત્ર ઉપાય.
- ગુણગ્રાહક દ્રષ્ટિ એટલે સદાય આનંદમાં રહેવાનો જાદુઈ ઈલાજ છે.
- ગુણગ્રાહક દ્રષ્ટિ એટલે સૌના વ્હાલા થવાની તરકીબ.
- ગુણગ્રાહક દ્રષ્ટિ એટલે વિના પ્રયાસે ગુણસભર થવાની કળા.
- ગુણગ્રાહક દ્રષ્ટિ એટલે વિના આવડતે આવડતવાળા થવાની તરકીબ.



## ❖ Family Time સભા ક્યારે અને કેવી રીતે કરવી ?

ઘરના સૌ સભ્યો ભેગા થઈ શકે તે મુજબ ગુરુવારના દિવસે Family Time સભાનું આયોજન કરવું અને Family Time સભા માટે સમય નક્કી કરવો અને તે મુજબ સભા કરવી.

નોંધ :- જે સેન્ટરમાં અઠવાડિક સભા ગુરુવારના રોજ થતી હોય તેવા સેન્ટરના હરિભક્તોએ શુક્રવારે Family Time સભાનું આયોજન કરવું.

- નાનાએ વડીલોને ચરણસ્પર્શ કરી તથા વડીલોએ નાનાને બે હાથ જોડી નમસ્કાર કરી સભામાં બેસવું.
- "ઘર એક મંદિર" હોવાથી ઘરમાં અનુકૂળ સ્થળે સભા કરી શકાય.
- સભાને અંતે સૌએ એકબીજાને હાથ જોડી અરસપરસ 'દયાળુ રાજી રહેજો' એવી સાચા ભાવે પ્રાર્થના કરવી.
- મહિલા-પુરુષ સભ્યોએ મર્યાદા રાખીને બેસવું.

# અભાવ, અવગુણ, અમહિમાની..

અભાવ, અવગુણ, અમહિમાની વાતો કદી ન કરીએ;
અભાવ, અવગુણ, અમહિમાની વાતો કાને ન ધરીએ...ટેક
અભાવ, અવગુણની વાતોથી, જીવ તો સૂનકાર થઈ જાય;
એમાંથી દ્રોહ કરતાં કરતાં, અસુરભાવ આવી જાય...૦૧
પ્રભુમાં પ્રીતિ થતી નથી, તેનું કારણ આ જ છે;
જીવ નાદાર થઈ ગયો છે, તેનું કારણ આ જ છે...૦૨
બીજાના દોષો જોવાય ક્યાંથી, દોષોના ભંડાર છીએ;
પ્રભુએ આપણા જોયા નથી તો, બીજાના દોષ ન જોઈએ...૦૩
સૌમાં મહારાજ બિરાજમાન છે, અવગુણ કોનો લઈએ ?
મહારાજનો અવગુણ લઈને, ક્યાં જઈને પછી ઠરીએ...૦૪
સરખે સરખા ભેગા મળીને, પાપનાં પોટલાં ન ભરીએ;
પોતાના દોષો કાઢીને, રુચિમાં ડગ ભરીએ...૦૫
નિર્દોષ બનવા નિર્દોષ થઈએ, નિર્દોષ કદી ન ઠરીએ;
નિર્દોષ ઠરવા સામેનાને, દોષિત કદી ન કરીએ...૦૬
પંચમહાપાપથી છૂટાય, અપરાધથી છૂટાય નહિ;
બીજું ઓછું થશે તો ચાલશે, અપરાધ કાઈનો થાય નહિ...૦૭
ગુણો સૌના જોયા કરવા, તો ગુણો આપણામાં આવે;
ઈર્ષ્યા, આંટી, પૂર્વાગ્રહ ને ઉદ્વેગ સર્વે ભાગી જાવે...૦૮
અભાવ-અવગુણના મચ્છરોને, સદાય અમે ઉડાડીએ;
ગુણ અને મહાત્મ્યરૂપી, ફટાકડા ખૂબ ફોડીએ...૦૯


ઓડિયો કીર્તનનું દર્શન અને શ્રવણ કરવા માટે નીચે આપેલ ઓડિયો ચિહ્ન પર ક્લિક કરવું.



આવો

## ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ

# ગુણગ્રાહક દ્રષ્ટિ કેળવીએ.



## ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રીની દિવ્યવાણી

દિવ્યવાણીનું શ્રવણ કરવા માટે ઉપર આપેલ મૂર્તિ પર ક્લિક કરવું.



પામીએ **પ્રેરણા**

## ગુણો સૌના જોયા કરવા, તો ગુણો...

જાપાનની એક એરલાયન્સ કંપની વિશ્વભરમાં તેના અદ્‌ભુત સમયપાલન અને શિષ્ટાચાર માટે પ્રખ્યાત હતી. એક દિવસ સંજોગોવસાત કોઇ એક કર્મચારીની નાની શરતચૂકના કારણે દિવસભરના તમામ ઉડ્ડયનોનું સમયપત્રક ખોરવાઇ ગયું. કેટલાક cargo ઉડ્યા નહી, એરલાઈન્સમાં વાતાવરણ તંગ થઈ ગયું.

વર્ષોથી ચોક્કસાઈભર્યા સમય સાથે ચાલતી આ એરલાઇન્સના ઇતિહાસમાં ક્યારેય આવી પરિસ્થિતિ નહોતી સર્જાઈ. તાબડતોબ આમ કેમ થયું ? કોના લીધે થયું ? તેની તપાસ કરતાં બીજા અધિકારીઓ હજુ ભૂલ બતાવે એ પહેલા આ અધિકારીએ જાતે જ ભૂલ સ્વીકારી. પોતાની કારકીર્દી, પ્રતિષ્ઠા ગુમાવવા કરતાં એરલાઇન્સની પ્રતિષ્ઠાને ધક્કો વાગ્યો તેનું વધુ દુઃખ અને અફસોસ હતો. પરંતુ એરલાઇન્સ સંચાલક કમિટીને આ ભૂલ માન્ય નહોતી. આ અધિકારી માટે બરતરફ ઓર્ડરની માત્ર બે લીટી જ લખવાની તૈયારી હતી. સમગ્ર મિટિંગનું વાતાવરણ ગરમ અને તંગ થઈ ગયુ હતું. સંચાલકના મુખે આ અધિકારી માટે રંજના શબ્દો જ સરતા હતા. આ સમયે એક પીઠ અને શાણા સંચાલકે બધાની વચ્ચે એક પ્રસ્તાવ રજૂ કર્યો કે, “આ અધિકારીને બરતરફ કરવાના આપણા અફર નિર્ણયમાં કોઇ પ્રકારની પુનઃવિચારણા કરવાનો પ્રશ્ન જ ઉભો થતો નથી. પરંતુ જો સૌ સમંત હોય તો આપણી કંપનીમાં (છેલ્લા 20 વર્ષથી) કાર્ય કરતા આ અધિકારીની કામગીરી ઉપર માત્ર બે મિનિટ થોડી નજર નાંખી લઈએ તો ? સૌએ મુક સમંતિ આપી. થોડી જ ક્ષણોમાં એરલાઇન્સમાં જોડાયા ત્યારથી આજ સુધીની તેમના કાર્યની સફળતાની હકીકતો અને આંકડા કોમ્પ્યુટરના સ્ક્રીન પર ઝબકવા લાગ્યા. જેમાં પ્રત્યેક ક્ષણે તેમની સફળતાનો આંક ઉપર તરફ સરકતો હતો. જેમાં કંપની માટે મહત્વના કાર્યોમાં આ અધિકારી મુખ્ય હતા. ત્રણ આંતરરાષ્ટ્રીય ઉડ્યનોની શરૂઆત કરતાં પહેલા અન્ય દેશમાં ગયેલા ડેલીગેશનોનું નેતૃત્વ તેમનું જ હતું. તેમણે કંપની માટે આપેલા બલિદાનથી મિટિંગમાં બેઠેલા સૌ સંચાલકો પ્રભાવિત થયા, આક્રોશના બદલે અભિવાદનથી રેખાઓ ઉપસી રહી હતી. માત્ર એક હળવી ઠપકાની નોંધ લખી સમિતિ ઉભી થઇ ગઈ. આ અદ્‌ભુત તાકાત હતી માત્ર ગુણગ્રાહક દ્રષ્ટિની. જેણે અભાવ-અવગુણ, નફરત તથા આક્રોશના વાતાવરણને દબાવી દીધું.

### મનનીય પ્રશ્નો

**(1) કર્મચારીની ભૂલ બદલ એરલાઇન્સ કંપનીના સંચાલકો તેમને કઈ દ્રષ્ટિએ જોતાં હતા ?**

**(2) પ્રેક્ટિકલ જીવનમાં સત્સંગમાં કે વ્યવહારમાં કોઈથી આવી ભૂલ થાય તો આપણે તેમને કેવી દ્રષ્ટિથી જોતાં હોઈએ છીએ ?**

**(3) ગુણગ્રાહક દ્રષ્ટિ થાય તો આપણને શું ફાયદા થાય ?**

**(4) કોઈ પણ સંજોગ-પરિસ્થિતિ બને તેમાં જો ગુણગ્રાહક દ્રષ્ટિ કેળવીએ તો કેવા હળવાફૂલ રહેવાય ? (પ્રેક્ટિકલ કોઈ સંજોગ બન્યો હોય તેનું મનન કરવું.)**

**લેશન : ઠાકોરજી જમાડતી વખતે વ્યક્તિ કે વસ્તુના ગુણ ગાવા**